CIMS®
Care Institute of Medical Sciences

# CIMS News
# Care & Cure

Volume-6 | Issue-64 | November 25, 2015

Price : ₹ 5/-



## અંદરના પાને...


- Heart Failure
- હાર્ટ ફેઈલ્યોર
- My child is too Hyperactive...Do I need to worry ?
- મારું બાળકઅતિ સક્રિય છે...મારે ચિંતા કરવાની જરૂર છે?


CIMS News
Care & Cure
Volume-6 | Issue-64 | November 25, 2015

CIMS®
Care Institute of Medical Sciences

# Heart Failure

Heart failure is a condition that occurs when the heart cannot pump or fill with enough blood, which means that the heart must work harder to deliver blood to the body. The term "heart failure" is misleading because the heart does not completely fail or stop. Heart failure can be mild and cause minor symptoms, or it may be severe or even life-threatening. The most common symptoms of heart failure are shortness of breath, feeling tired, leg swelling, and other signs of fluid retention.

Although heart failure is a serious condition, safe and effective treatments are available. Treatment can help you to feel better and live longer.




This article discusses the most common causes, symptoms, and treatment of heart failure. More detailed information about heart failure is available by subscription.

**TYPES OF HEART FAILURE**

The heart is composed of four chambers: The two upper chambers are the right and left atria, and the two lower chambers are the right and left ventricles. The left ventricle plays a key role because it pumps blood to the entire body. In a person with heart failure, the heart cannot adjust to the body's changing need for oxygen (for example, when climbing stairs).

There are two main types of heart failure:

- In ”heart failure with reduced ejection fraction” (also called “systolic heart failure”), the heart is too weak. When the heart pumps, it doesn't squeeze normally.

# હાર્ટ ફેઈલ્યોર

હાર્ટ ફેઇલ્યોર એક સ્થિતિ છે અને જ્યારે હૃદય શરીરમાં લોહીનો પૂરતો પુરવઠો જાળવી ન શકે કે તેને પૂરતું લોહી ન મળે ત્યારે ઉદ્ભવે છે. તેનો અર્થ એ થયો કે શરીરને લોહીનો પુરવઠો પ્રદાન કરવા વધારે કામ કરવું પડે છે. "હાર્ટ ફેઇલ્યોર" શબ્દ ગેરમાર્ગે દોરે તેવો છે, કારણ કે હૃદય સંપૂર્ણપણે થંભી જતું નથી કે નિષ્ક્રિય થઈ જતું નથી. હાર્ટ ફેઇલ્યોર હળવું હોઈ શકે છે અને સામાન્ય ચિહ્નોનું કારણ હોઈ શકે છે, અથવા તે તીવ્ર કે જીવલેણ પણ હોઈ શકે છે. હાર્ટ ફેઇલ્યોરનું સૌથી સામાન્ય લક્ષણ શ્વાસ ચડવો, થાક અનુભવવો, પગમાં સોજા ચડવા અને શરીરમાં પ્રવાહી જળવાઈ રહેવું જેવા છે.

હાર્ટ ફેઇલ્યોર શબ્દનો ઉપયોગ એવા હૃદય માટે થાય છે, જે તેના કામના ભારણ સાથે તાલ મેળવી શકતું નથી. શરીરને તેની જરૂરિયાતો પૂરતો ઓક્સિજન ન મળે તેવી બને શકે છે.

હાર્ટ ફેઇલ્યોર ગંભીર સ્થિતિ હોવા છતાં સુરક્ષિત અને અસરકારક સારવાર ઉપલબ્ધ છે. સારવાર તમને વધુ સારું અનુભવવા અને લાંબું જીવવામાં મદદ કરી શકે છે.

આ લેખમાં હાર્ટ ફેઇલ્યોરના સર્વસામાન્ય કારણો, ચિહ્નો અને સારવાર વિશે ચર્ચા કરવામાં આવી છે.

**હાર્ટ ફેઇલ્યોરના પ્રકારો**

હૃદય ચાર ચેમ્બરનું બનેલું છે: બે ઉપરની ચેમ્બર જમણું અને ડાબું કર્ણક છે અને બે નીચેની ચેમ્બર જમણું અને ડાબું કર્ણક છે. ડાબું કર્ણક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તે સંપૂર્ણ શરીરને લોહીનો પુરવઠો પૂરો પાડે છે. હાર્ટ ફેઇલ્યોર ધરાવતી વ્યક્તિમાં હૃદય ઓક્સિજનની બદલાતી જરૂરિયાતને અનુકૂળ થઈ શકતું નથી (ઉદાહરણ તરીકે, દાદરતા ચડતી વખતે).

**હાર્ટ ફેઇલ્યોરના બે મુખ્ય પ્રકારો છે:**

- “હૃદયમાંથી લોહીના ઘટેલા પ્રવાહ સાથે હાર્ટ ફેઇલ્યોર” (“સિસ્ટોલિક હાર્ટ ફેઇલ્યોર” તરીકે પણ જાણીતું છે)માં, હૃદય ઘણું


CIMS News
Care & Cure
Volume-6 | Issue-64 | November 25, 2015

- In "heart failure with preserved ejection fraction" (also called "diastolic heart failure"), the heart is too stiff. When the heart pumps, it doesn't relax and fill with blood normally.

**HEART FAILURE CAUSES**

Heart failure is caused by a disease or condition that damages the heart. Fortunately, treating these conditions during the early stages can often prevent or slow development of heart failure. The most common causes of heart failure include:

**High blood pressure (hypertension)** — In people with high blood pressure, the heart must work harder to pump blood. This increased workload can, over time, lead to an enlarged heart that does not work well.




**Coronary heart disease** — Coronary heart disease causes narrowing of the blood vessels that supply (feed) the heart muscle, reducing the flow of blood through the vessels. As a result, portions of the heart muscle are deprived of oxygen (especially during exercise, when the body needs more blood supply and oxygen), and the heart does not perform its work as well. Coronary heart disease can also lead to a heart attack (also called a myocardial infarction), which causes permanent damage to the heart muscle. Coronary heart disease can cause heart failure when it impairs the function of the heart.

Heart valve disease — A number of conditions, including heart attack and aging, can damage the heart valves.

નબળું પડી જાય છે. જ્યારે હૃદય સંકોચન અનુભવે છે ત્યારે સામાન્ય દબાણ અનુભવતું નથી.

- "હૃદયમાંથી લોહીના સ્થાયી પ્રવાહ સાથે હાર્ટ ફેઇલ્યોર" ("ડાયસ્ટોલિક હાર્ટ ફેઇલ્યોર" તરીકે પણ જાણીતું છે)માં, હૃદય ઘણું અક્કડ થઈ જાય છે. જ્યારે હૃદય સંકોચાય છે, ત્યારે તે હળવાશ અનુભવતું નથી અને સામાન્ય પ્રમાણમાં લોહી ભરાતું નથી.

**હાર્ટ ફેઇલ્યોરના કારણો**

હાર્ટ ફેઇલ્યોર એ એવો રોગ કે સ્થિતિ છે, જે હૃદયને નુકસાન કરે છે. નસીબજોગે આ સ્થિતિઓની પ્રાથમિક તબક્કા દરમિયાન સારવાર ઘણી વખત હાર્ટ ફેઇલ્યોર અટકાવી શકે છે કે તેને આગળ વધવાની ઝડપ ઓછી કરી શકે છે. હાર્ટ ફેઇલ્યોરના સૌથી સામાન્ય કારણોમાં સામેલ છે:

**હાઇ બ્લડ પ્રેશર (હાયપરટેન્શન)** – હાઈ બ્લડ પ્રેશર (ઊંચો રક્તચાપ)માં હૃદયને લોહીમાંથી લોહીને બહાર કરવા ઘણી મહેનત કરવી પડે છે. તેનાથી તેના પર ભારણ વધે છે, જેનાથી હૃદય પહોળું પડે છે, જે બરોબર કામ કરતું નથી.

**હૃદયની ધમનીનો રોગ** – હૃદયની ધમનીનો રોગ રક્તવાહિનીઓ સાંકડી થવાથી થાય છે, જે હૃદયના સ્નાયુઓને લોહીનો પુરવઠો ("પોષણ કે ખોરાક") પૂરો પાડે છે અને રક્તવાહિનીઓ સાંકડી થવાથી તેની મારફતે લોહીનો પ્રવાહ ઘટી જાય છે. તેના પરિણામે હૃદયના સ્નાયુઓના ભાગને પૂરતો ઓક્સિજન મળતો નથી (ખાસ કરીને કસરત દરમિયાન, ત્યારે શરીરને વધારે લોહીના પુરવઠા અને ઓક્સિજનની વધારે જરૂર હોય છે) અને હૃદય તેની કામગીરી સારી રીતે કરી શકતું નથી. હૃદયની ધમનીનો રોગ હૃદયરોગના હુમલા (માયોકાર્ડિઅલ ઇન્ફાર્કશન તરીકે પણ ઓળખાય છે) તરફ દોરી શકે છે, જે હૃદયના સ્નાયુઓના કાયમી નુકસાનનું કારણ બને છે. હૃદયની ધમનીનો રોગ હૃદયની કામગીરીને અનિયમિત કરે છે ત્યારે હાર્ટ ફેઇલ્યોર થઈ શકે છે.

**હૃદયના વાલ્વનો રોગ** – હૃદયરોગનો હુમલો અને વધતી ઉંમર સહિત અનેક સ્થિતિસંજોગો હૃદયના વાલ્વને નુકસાન કરી શકે છે.

- The valve can become narrowed (stenosed), which interferes with blood flow through the valve and increases pressure in the heart.
- In other cases, the valve can become leaky (insufficient), causing blood to flow backward (regurgitation).

Some valves become both stenosed and regurgitant.

Cardiomyopathy — In cardiomyopathy, the heart muscle has been damaged, leading to an enlarged, poorly pumping heart.

**HEART FAILURE SYMPTOMS**

As the amount of blood pumped by the heart (the cardiac output) decreases, a variety of symptoms can develop.

- Weakness, lightheadedness, or dizziness
- Shortness of breath, which might require you to be less active or sleep with several pillows
- A rapid heart rate, even while resting
- Swelling in the lower legs and feet (edema) or in the abdomen (ascites)
- Feeling tired quickly

*To be continued in next issue...*

Courtesy
**Dr. Vipul Kapoor**
**Interventional Cardiologist**
MBBS, MD (Gen. Medicine), DNB (Cardiology), MNAMS, FESC
(M) +91-98240 99848
Email: vipul.kapoor@cimshospital.org

- વાલ્વ સંકોચાઈ શકે છે (સ્ટેનોઝ), જે વાલ્વ અને હૃદયમાં વધતા દબાણ મારફતે રક્તપ્રવાહમાં અવરોધ કરે છે.
- અન્ય કેસોમાં વાલ્વ લીક થઈ શકે છે (અપર્યાપ્ત), જે રક્તપ્રવાહને પાછો ફેંકવાનું કારણ બને છે (જોરથી ફેંકવો).

**કેટલાંક વાલ્વ સાંકડા અને લીક થઈ શકે છે.**

કાર્ડિયોમાયોપેથી – કાર્ડિયોમાયોપેથીમાં હૃદયના સ્નાયુને નુકસાન થાય છે, જેના પગલે નબળું હૃદય પહોળું પડે છે.

**હાર્ટ ફેઇલ્યોરના ચિહ્નો**

હૃદય દ્વારા લોહીના બહાર નીકળવાના પ્રમાણ (કાર્ડિઆક ઉત્પાદન) ઘટે છે તેમ વિવિધ ચિહ્નો વિકસી શકે છે.

- નબળાઈ, ચક્કર કે તમ્મર.
- શ્વાસ ચડવો, જેને કારણે તમારે ઓછા સક્રિય થવાની જરૂર પડી શકે છે કે વધારે ઓશિકા સાથે સૂવાની ફરજ પડી શકે છે.
- હૃદયના ઝડપી ધબકારા, આરામ કરો ત્યારે પણ.
- પગના નીચેના ભાગ અને તળિયામાં કે પેટ કે ઉદરમાં સોજા ચડવા.
- ઝડપથી થાક અનુભવવો.

**વધુ આવતા અંકમાં...**

**સૌજન્ય**
**ડૉ. વિપુલ કપુર**
**ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ (હૃદયરોગના નિષ્ણાંત)**
MBBS, MD (Gen. Medicine), DNB (Cardiology), MNAMS, FESC
(મો) +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮
Email: vipul.kapoor@cimshospital.org

CIMS connect

સીમ્સ હોસ્પિટલ તરફથી નિયમિત માહિતી મેળવવા તથા નવા રસપ્રદ કેસોની જાણકારી માટે અમારી સાથે ફેસબુક થી જોડાઓ. તમે અમારી સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન એન્ડ્રોઇડ, (એપલ) આઇફોન અને વિન્ડો ફોનમાં ડાઉનલોડ કરી શકો છો જેનાથી તમને સ્વાસ્થ્ય સંબંધી ઉપયોગી માર્ગદર્શન મળી શકશે.

**"સીમ્સ હોસ્પિટલ" (CIMS Hospital)ની એપ્લીકેશન ઉપલબ્ધ છે**

facebook | ANDROID APP ON Google play | Download on the App Store | Download on the Windows Phone | g+

CIMS

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-6 | Issue-64 | November 25, 2015

# My child is too Hyperactive... Do I need to worry ?

Dixit (name changed) was 6 , when his parents were called by his class teacher. His teacher was concerned about Dixit's behaviour and scholastic performance and to discuss the same she invited his parents to school. She complained that Dixit is not following the instructions properly, He never replies when called, He is unable to finish the given task and he often moves around in the classroom. He is not ready to wait for his turn in the playground, drafts himself without fear and sometimes beats the other children. She reported that he is bit clumsy in performing fine motor activities. Mother , Rupali-a Bank employee agreed to Teacher stating that she was getting exhausted often at home as it was taking too long to get simplest task to be completed by Dixit ranging from homework to household chores.



Dixit attended CIMS pediatric clinic with his parents- After listening to detailed history and performing physical examination and few verbal tests, we concluded that Dixit was suffering from ADHD. (Attention Deficit Hyperactivity Disorder). Parents were counselled about the diagnosis and available mode of therapies and outcome. We started behavioural therapy, occupation therapy, activities which increases attention span and drugs.

After a couple of months, parents are happy saying that now Dixit is listening to their commands and follows the task with much less distractions then before; he is less clumsy and school performance has also improved. We have continued with the therapy and hoping for more improvement.

**What is ADHD ?**

ADHD is a common behavioral disorder that affects about 10% of school-age children. Boys are about three times more likely than girls to be diagnosed with it, though it's not yet understood why.

**How can I suspect ADHD in my child?**

ADHD is broken down into three subtypes, each with its own pattern of behaviours:

# મારું બાળક અતિ સક્રિય છે... મારે ચિંતા કરવાની જરૂર છે ?

જ્યારે દિક્ષિત (નામ બદલ્યુ છે)ના ક્લાસ ટીચરે તેના માતાપિતાને બોલાવ્યા હતા, ત્યારે તેની ઉંમર ૬ વર્ષ હતી. ટીચર દિક્ષિતની વર્તણૂંક અને અભ્યાસની કામગીરીને લઈને ચિંતિત હતા. તેમણે આ અંગે ચર્ચા કરવા જ તેના માતાપિતાને શાળામાં બોલાવ્યા હતા. ટીચરે ફરિયાદ કરી હતી કે દિક્ષિત તેમની સૂચનાઓનું પાલન બરોબર કરતો નહોતો. જ્યારે તેઓ બોલાવતા હતા ત્યારે દિક્ષિત જવાબ પણ આપતો નહોતો. તે આપેલ કામગીરી પૂર્ણ કરી શકતો નહોતો અને ઘણી વખત ક્લાસરૂમમાં આંટાફેરા મારતો હતો. તે મેદાનમાં તેનો વારો આવે તેની રાહ જોવા તૈયાર નહોતો અને કેટલીક વખત અન્ય બાળકોને મારતો હતો. ટીચરે જણાવ્યું હતું કે તે પ્રેરક પ્રવૃત્તિઓ કરવામાં થોડો અવ્યવસ્થિત કે અણઘડ હતો. દિક્ષિતની માતા બેંક કર્મચારી છે અને ટીચરની વાત સાથે સંમત થતા કહ્યું હતું કે તેઓ પણ ઘરે ઘણી વખત કંટાળી જાય છે, કારણ કે ઘરે દિક્ષિત હોમવર્કથી લઈને ઘરગથ્થું સરળ કામો કરવામાં બહુ સમય લે છે.

દિક્ષિતે તેમના માતાપિતાઓ સાથે સિમ્સ પેડિયાટ્રિક ક્લિનિકમાં ભાગ લીધો હતો – અગાઉની માહિતી વિસ્તૃતપણે જાણ્યા પછી અને શારીરિક પરીક્ષણ તેમજ કેટલીક મૌખિસ કસોટીઓ કર્યા બાદ અમે એવા તારણ પર પહોંચ્યા હતા કે દિક્ષિત એડીએચડી (એટેન્શન ડેફિસિટ હાયપરએક્ટિવ ડિસઓર્ડર –ધ્યાન વિકેન્દ્રિત કરે તેવી અતિ સક્રિયતાનો વિકાર)નો ભોગ બનો હતો. માતાપિતાઓને આ રોગ વિશે જાણકારી આપવામાં આવી હતી તેમજ ઉપલબ્ધ ઉપચાર પદ્ધતિઓ અને તેના પરિણામ વિશે જણાવવામાં આવ્યું હતું. અમે એકાગ્રતા વધારે તેવી વર્તણૂંક ઉપચાર, વ્યાવસાયિક ઉપચાર, પ્રવૃત્તિઓ અને દવાઓ શરૂ કરી હતી.

એકથી બે મહિના પછી ખુશી અને સંતોષ સાથે માતાપિતા કહે છે કે હવે દિક્ષિત તેમના સૂચનો બરોબર સાંભળે છે અને અગાઉ કરતા વધારે એકાગ્રતા સાથે કામગીરી કરે છે, અણઘડપણું ઓછું થયું છે અને શાળામાં અભ્યાસ અને કામગીરીમાં પણ સુધારો થયો છે. અમે ઉપચાર ચાલુ રાખ્યો છે અને વધારે સુધારાની આશા રાખીએ છીએ.

**એડીએચડી એટલે શું ?**

એડીએચડી વર્તણૂંક કે વ્યવહાર સાથે સંબંધિત સામાન્ય બિમારી છે, જે શાળામાં અભ્યાસ કરતા આશરે ૧૦ ટકા બાળકોને અસર કરે છે. છોકરીઓ કરતા છોકરાઓમાં આ બિમારીનું પ્રમાણ ત્રણ ગણું વધારે જોવા મળે છે, જોકે આ માટેનું કારણ હજુ સુધી સમજાયું નથી.

CIMS News
Care & Cure
Volume-6 | Issue-64 | November 25, 2015

CIMS®
Care Institute of Medical Sciences

1. **Inattentive type, with signs that include:**
- Trouble paying attention to details or a tendency to make careless errors in schoolwork or other activities
- Difficulty in staying focused on tasks or play activities
- Tendency to lose things like toys, notebooks, or homework

2. **Hyperactive-impulsive type, with signs that include:**
- Fidgeting or squirming
- Excessive running or climbing
- Blurting out answers before hearing the full question

3. **Combined type, a combination of the other two type, is the most common**

**What could be the reason for ADHD ?**

ADHD has biological origins that aren't yet clearly understood. Studies have shown that many kids with ADHD have a close relative who also has the disorder.Certain areas of the brain are about 5% to 10% smaller in size in kids with ADHD. Chemical changes in the brain also have been found.Research also links smoking during pregnancy to later ADHD in a child. Other risk factors may include premature delivery, very low birth weight, and injuries to the brain at birth.

**Does ADHD child get cured ?**

ADHD can't be cured, but it can be successfully managed. In most cases, ADHD is best treated with a combination of medicine and behavior therapy. Medicine comprises of stimulant and non stimulant drugs.

**ADHD in the Classroom**

Kids with ADHD are eligible for special services or accommodations at school under the Individuals with Disabilities in Education Act (IDEA) and an anti-discrimination law known as Section 504. Keep in touch with teachers and school officials to monitor your child's progress.

Courtesy
**Dr. Snehal H. Patel**
**Consultant Paediatrician & Neonatologist**
MBBS, DNB (Paediatrics)
(M) +91-9998149794
Email: snehal.patel@cimshospital.org

**મારું બાળક એડીએચડી છે તેનો ખ્યાલ મને કેવી રીતે આવી શકે?**

એડીએચડી ત્રણ પેટાપ્રકારમાં વિભાજીત છે, જે દરેક વર્તણૂંકોની પોતાની આગવી પેટર્ન ધરાવે છે:

૧. **બેધ્યાનપણું, જેની નિશાનીઓમાં આ બાબતો સામેલ છે:**
- શાળાના કાર્ય કે અન્ય પ્રવૃત્તિઓમાં વિગતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડવી કે બેદરકારી દાખવવાથી એકદમ નજીવી ભૂલો થવી
- કામગીરી કે રમતગમતની પ્રવૃત્તિઓમાં ધ્યાન બરોબર પરોવવામાં મુશ્કેલી પડવી
- રમકડાં, નોટબુક કે હોમવર્ક જેવી ચીજવસ્તુઓ કોઈ પણ જગ્યાએ ભૂલી જવાની કે ગુમાવવી

૨. **અતિસક્રિય-આવેગનો પ્રકાર, જેમાં નીચેની નિશાનીઓ સામેલ છે:**
- અસ્વસ્થતા કે બેચેની સાથે ફરવું
- વધુ પડતું દોડવું કે ચડઊતર કરવી, હંમેશા "ભાગદોડમાં હોય" તેવું લાગવું
- પ્રશ્ન પૂરો સાંભળ્યા અગાઉ આડેધડ જવાબો આપવા

૩. **સંયુક્ત પ્રકાર, અન્ય બે પ્રકારનું મિશ્રણ, જે સૌથી વધુ સામાન્ય છે**

**એડીએચડીનું કારણ શું હોઈ શકે છે?**

એડીએચડી જૈવિક મૂળિયા ધરાવે છે, જે હજુ સુધી સમજાયા નથી. મગજમાં રાસાયણિક ફેરફારો હોવાનું એડીએચડી વાળા જણાય છે. ધુમ્રપાનને પણ બાળકમાં પાછળથી એડીએચડી સાથે જોડવામાં આવે છે. અન્ય જોખમી પરિબળોમાં કસુવાવડ, જન્મ સમયે બાળકનું અતિ ઓછું વજન અને જન્મ સમયે મગજને ઇજા પણ કારણભુત હોઇ શકે છે.

**એડીએચડી ધરાવતા બાળકની સારવાર શક્ય છે?**

એડીએચડીની સારવાર શક્ય નથી, પણ તેનું સફળતાપૂર્વક નિયંત્રણ કે વ્યવસ્થાપન થઈ શકશે. મોટા ભાગના કિસ્સાઓમાં એચડીએચડીની શ્રેષ્ઠ સારવાર દવા અને વર્તણૂંક ઉપચાર પદ્ધતિનું મિશ્રણ કરીને કરવામાં આવે છે. દવામાં સ્ટીમ્યુલન્ટ તથા નોન સ્ટીમ્યુલન્ટ પ્રકારની દવાઓ ઉપયોગમાં લેવાય છે.

**વર્ગમાં એડીએચડી**

એડીએચડી ધરાવતા બાળકો ઇન્ડિવિડ્યુઅલ્સ વિથ ડિસએબિલિટિઝ ઇન એજ્યુકેશન એક્ટ (આઇડીઆ-શિક્ષણમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેનો કાયદો) અને કલમ ૫૦૪ તરીકે ઓળખતા ભેદભાવવિરોધી કાયદા હેઠળ વિશેષ સેવાઓ કે સુવિધાઓ મેળવવાને પાત્ર છે. તમારા બાળકની પ્રગતિ પર નજર રાખવા શિક્ષકો અને શાળાના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહો.

**સૌજન્ય**
**ડૉ. સ્નેહલ પટેલ**
(નવજાત શિશુ અને બાળરોગના નિષ્ણાંત)
MBBS, DNB (Paediatrics)
(મો) +૯૧-૯૯૯૮૧ ૪૯૭૯૪
Email: snehal.patel@cimshospital.org

Volume-6 | Issue-64 | November 25, 2015

# ગુજરાતની વિશાળ વિશ્વસનીય કેન્સર ટીમ

## સર્જીકલ ઓન્કોલોજીસ્ટ



ડૉ. જયેશ વી. પટેલ
(મો) +૯૧-૯૮૨૫૦૪૯૮૭૪



ડૉ. નટુ પટેલ
(મો) +૯૧-૯૮૨૫૦૪૩૬૭૨



ડૉ. તરંગ પટેલ
(મો) +૯૧-૯૮૨૫૦૨૨૦૭૪



ડૉ. અશોક પટેલ
(મો) +૯૧-૯૮૨૫૦૨૦૫૪૪



ડૉ. દર્શન આર. ભાનુશાલી
(મો) +૯૧-૯૮૨૫૦૯૬૭૬૩

## રેડિયેશન ઓન્કોલોજીસ્ટ



ડૉ. દેવાંગ સી. ભાવસાર
(મો) +૯૧-૯૮૨૫૩ ૭૪૪૧૧



ડૉ. કિંજલ આર. જાની
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૬૫૩૩



ડૉ. મૌલિક ભેંસડડીયા
(મો) +૯૧-૯૯૨૫૭ ૮૫૮૫૯



ડૉ. મલ્હાર પટેલ
(મો) +૯૧-૯૫૩૭૬ ૬૪૭૫૭



ડૉ. પ્રાપ્તી પટેલ
(મો) +૯૧-૮૪૬૯૦ ૮૮૦૪૮

## મેડિકલ ઓન્કોલોજીસ્ટ

ડૉ. ચિરાગ દેસાઈ
કન્સલટન્ટ
મેડિકલ ઓન્કોલોજીસ્ટ

ડૉ. રાહુલ જયસ્વાલ
કન્સલટન્ટ
મેડિકલ ઓન્કોલોજીસ્ટ

ડૉ. સંકેત શાહ
કન્સલટન્ટ
મેડિકલ ઓન્કોલોજીસ્ટ

## એસોસીએટ્સ ઓન્કોલોજી કન્સલટન્ટ

હિપેટો પેન્ક્રીયાટો બીલીયરી અને લેપ્રોસ્કોપી સર્જરી
ડૉ. મનીષ ગાંધી
ડૉ. ધવલ રાજદે

રીકન્સ્ટ્રક્ટીવ ઓન્કોલોજી
ડૉ. હેમંત સરૈયા
ડૉ. શૈલેન્દ્ર સિંઘ
ડૉ. યોગેશ ભટ્ટ
ડૉ. હિંમાશુ વોરા
ડૉ. અશ્વિન લાખાણી

ઓર્થો ઓન્કોલોજી
ડૉ. મંદીપ શાહ

યુરો ઓન્કોલોજી
ડૉ. જનક દેસાઈ

CIMS® Care Institute of Medical Sciences
World-class practices. Trusted by doctors.
NABL Certificate No. M-0500

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.
www.cims.me

facebook.com/cimscancer

એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +૯૧-૯૯૭૯૨ ૭૫૫૫૫


# સીમ્સ હોસ્પિટલ નિમ્નલિખિત ડોક્ટરોનું ટીમમાં સ્વાગત કરે છે



**ડૉ. પ્રણવ જોશી**
**કન્સલટન્ટ ન્યુરોલોજીસ્ટ**
**(મગજના રોગોના નિષ્ણાંત)**
એમબીબીએસ, એમડી(જનરલ મેડીસીન),
ડીએનબી
(મો) +૯૧-૯૯૨૫૨ ૩૨૯૧૬



**ડૉ. રામ પરિહાર**
**કન્સલટન્ટ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ**
**(પેટના રોગોના નિષ્ણાંત)**
એમબીબીએસ, એમડી (મેડીસીન),
ડીએમ (ગેસ્ટ્રોએન્ટ્રોલોજી)
(મો) +૯૧-૮૯૪૦૭ ૩૫૩૩૬



**ડૉ. ઉમાકાન્ત શાહ**
**કન્સલટન્ટ ઇ.એન.ટી. સર્જન**
એમબીબીએસ, ડીએલઓ, એમએસ (ઇ.એન.ટી.)
(મો) +૯૧-૯૬૩૮૦ ૩૧૮૭૯



**ડૉ. શ્રુતી ભાલારા**
**કન્સલટન્ટ પેથોલોજીસ્ટ**
એમબીબીએસ, એમડી (પેથોલોજી)
(મો) +૯૧-૯૮૨૪૮ ૭૮૨૯૭

**એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦, +૯૧-૯૮૨૫૦૬૬૬૬૧**

CIMS News
Care & Cure
Volume-6 | Issue-64 | November 25, 2015

CIMS
Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2014-2016 valid upto 31st December, 2016**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2014 valid upto 31st December, 2016**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

CIMS Hospital

અમે છીએ અકસ્માતની
ત્વરીત સારવારના સ્પેશ્યાલીસ્ટ 24 x 7

આકસ્મિક ઇજાની સઘન સારવાર માટે
ATLS (એડ્વાન્સડ ટ્રોમા લાઇફ સપોર્ટ) ગ્લોબલ પ્રોટોકોલ

સીમ્સ ટ્રોમા સેન્ટર

કોઇપણ આકસ્મિક ઇજા જેમ કે..
રોડ ટ્રાફિક અકસ્માત • બર્ન્સ • ફેકટરી હોનારત
પડી જવાથી • શારીરિક હુમલો • સ્પોર્ટસથી ઇજા



CIMS®
Care Institute of Medical Sciences
World-class practices. Trusted by doctors.

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦. ફોન : +૯૧–૭૯–૨૭૭૧ ૨૭૭૧–૭૫ (૫ લાઇન)
info@cims.me | www.cims.me

સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન ઉપલબ્ધ છે
facebook | ANDROID APP ON Google play | Download on the App Store | Download on the Windows Phone

એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧–૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**